

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ભાંગી ભમ્મર કાઢે ઢોળા, છતાં ય મળે તો સારું !*
*ધૃણાથી ચઢે નાક, એમ તો એમ, મળે તો સારું!*
*વાત્સલ્યે વલખતા જીવને સ્મિત મળે તો સારું!*
*આ દંભની દુનિયામાં, સાચો સ્નેહ, મળે તો સારું!*

### હાઈકુ

*જામે જ્યાં દૃશ્ય!*
*પડી જાય પડદો -*
*પ્રેમ - નાટકે*

*દેખાડે દાંત,*
*દંભની આ દુનિયા -*
*ભરે ભચકું!*

### ચિંતન

*નાક્ષરાણિ પઠતા કિમપાઠિ પાઠિતોડપિ કિમુ વિસ્મૃત એવ ।*
*ઈત્થમર્થિજનસંશયદોલાખેલનાં ખલુ ચકાર નકાર: ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**ઉદાર પુરુષો બાળપણમાં જ્યારે વર્ણમાળાના અક્ષરો ભણ્યા હતા ત્યારે તે લોકો ‘નકાર’ ભણ્યા નહિ હોય અથવા તો નકાર ભણ્યા હશે, તો શું પાછળથી ભૂલી ગયા હશે ? એ રીતે દાતાના મુખે નકાર ન સાંભળનારા યાચક જનો સંશયરૂપી હીંચકા પર ડોલ્યા કરતા હોય છે.**

**આપણે આંગણ આવતા સાધુ-સંત-ભિક્ષુક - માગણને ‘નથી’ નહીં મળે - ‘આગળ જાવ’ એવા શબ્દોથી ન કારવ નહીં યથા શક્તિ ‘કંઈક’ પણ આપવું જોઈએ. માથું નકારમાં ધૂણાવવું એ હિંચકો છે જેના પર યાચક બિચારો ઝૂલે છે.**

**ઈશ્વર સ્વરૂપે આપનાર ‘યાચક’ ને આપવાથી આપણા જ આત્માને તૃપ્તિ મળે છે.**

### સુવિચાર

- બે ચીજ અક્કલથી ઊલ્ટી છે - બોલવાની વખતે ચુપકીદી અને ચુપકીદી વેળાએ બોલવાનું - **વિચારદીપ**
- માફી વેર કરતાં બહેતર છે - **બેપ્સી એન્જીનીયર**
- તલવાર પર મુક્કો મારવો એ ડાહ્યા ઈન્સાનનું કામ નથી - **ઉર્દૂ કહેવત**
- ઉપાયનો વિચાર કરતા ડાહ્યા માણસે વિઘ્નનો પણ વિચાર કરવો - **પ્રિયકાંત પરીખ**
- આજકાલ માણસને કામ દીપાવવામાં રસ નથી કામ પતાવવામાં રસ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આપણે બંદીવાન છીએ, આપણા અહમની, પૂર્વગ્રહની ભ્રમણાઓની એક એક ઈંટ કાળજીથી મૂકતાં જઈને આપણે જ આપણું કારાગાર રચીએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : તાવમાં વધારે પરસેવો થાય ત્યારે શેકેલા ચણાને પીસીને તેમાં અજમો ભેળવીને તેનું માલિશ કરવાથી પરસેવો બંધ થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૧૯૬૭માં મુંબઈના આઝાદ મેદાનમાં ડોંગરેજી મહારાજની કથા હતી. એક કેન્સર હોસ્પિટલ માટે ફંડ ઊભું કરવા એક કથાનું આયોજન થયું હતું. કથા થકી આશરે દોઢ કરોડ રૂપિયા જેટલી રકમનું દાન ભેગું થયું. કથાના છેલ્લા દિવસે એક આયોજકે આવી ડોંગરેજી મહારાજને ચાલુ કથામાં કાનમાં માહિતી આપી કે આપના પત્ની દેવલોક પામ્યા છે. ડોંગરેજી મહારાજે વાત સાંભળી પણ બીજી ક્ષણે સ્વસ્થ થઈને કથા પણ યથાવત ચાલુ રાખી. ત્યારબાદ ડોંગરેજી મહારાજે પત્નીની અંતિમ વિધિ પૂરી કરી. થોડા દિવસ પછી તેઓ પત્નીના અસ્થિ લઈને ગોદાવરી નદીમાં અસ્થિ વિસર્જન માટે ગયા. ધાર્મિક વિધિ કર્યા પછી ત્યાં બ્રાહ્મણોને આપવા માટે દક્ષિણા તેમની પાસે ન હતી. વિધિ કરાવનાર બ્રાહ્મણને ડોંગરેજી મહારાજે કહ્યું, તમે મારી સાથે ઉતારા પર આવો. બ્રાહ્મણને સાથે લઈ ઉતારે પહોંચીને પત્નીનું મંગળસૂત્ર નાસિકની બજારમાં વેંચીને બ્રાહ્મણને દક્ષિણા આપી. જેમણે કથા થકી દોઢ કરોડ રૂપિયાનું દાન ભેગું કર્યું. તેમની ખુદની પાસે મામૂલી રકમ નહોતી. સાદગીમાં માનનારા ડોંગરેજી મહારાજને સો સલામ...

# હજુ સરકાર અવઢવમાં છે

**તંત્રીસ્થાનેથી...**

પાટીદાર અનામત અને ખેડૂતોનાં દેવાં માફ કરવાની માગણીઓ સાથે આમરણ ઉપવાસ પર બેઠેલા યુવાન પાટીદાર અગ્રણી હાર્દિક પટેલને પારણાં કઈ રીતે કરાવી દેવાં તેની ગુજરાત સરકારને સૂઝ પડતી નથી. સમાજનાં વિવિદ ધાર્મિક તેમ જ સામાજિક પ્રતિષ્ઠાનોના મોભીઓ મારફત સરકારે હાર્દિક સરકારે વાતચીત કરી મડાગાંઠ ઉકેલવાનો પ્રયાસ કરી જોયો પણ એમાં ‘પાસ’ અગ્રણીઓએ દાદ ન આપી. ઊલટાના સી.કે. પટેલ જેવા આગેવાનો ખસિયાણા પડ્યા. એમને ભાજપના એજન્ટો કહી રીતસર અપમાનિત કરાયા. ખુદ ડેપ્યુટી સી.એમ. નીતિનભાઈ કે સરકારમાં બેઠેલા અન્ય પાટીદાર નેતાઓ ગયા હોત તો એમની આવી જ દુર્દશા થઈ હોત એમાં શંકાને સ્થાન નથી. એટલે મુખ્યમંત્રી કે અન્ય નેતાઓને હાર્દિક પટેલની મુલાકાત લેવાનું સિફતપૂર્વક ટાળ્યું છે. પણ એથી તો પરિસ્થિતિ ઊલટાની વધુ વણસી છે. પાટીદાર સમાજ કે જેણે છેલ્લી વિધાનસભાની ચૂંટણી વખતે પણ હાર્દિક પટેલની અપીલને નજર અંદાજ કરી ભાજપ સાથે રહેવાનું પસંદ કર્યું હતું તે દિવસે દિવસે ધૂણાંપુઆં થતો જાય છે. સુરતના પાટીદાર વિસ્તારોમાં શાળાઓ બંધ રાખવાની ફરજ પડી છે. હાર્દિક પટેલની જિંદગી જોખમમાં હોવા છતાં સરકારને એની કશી પડી જ નથી એવી છાપ ઊભી થવા લાગીછે. ઠેર ઠેર હાર્દિકની તરફેણમાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ભાજપની પ્રસ્થાપિત વોટબેંક એના પગ નીચેથી સરકી જશે કે શું એવી દહેશત સરજાઈ રહી છે અને વિપક્ષ એનો લાભ ઉઠાવવા ટાંપીને બેઠો છે. અનામત અંગેનાં ધારાધોરણો મુજબ હાર્દિકની માગણી કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાય એમ નથી. તથા ખુદ કોંગ્રેસ પાટીદારોને ઓબીસી કોટામાં સમાવેશ કરવાના મુદ્દે વિરોધ જ કરે છે, છતાં રાજકીય લાભ ખાટવાના પેંતરા થઈ રહ્યા છે. હાર્દિક પટેલને પણ ખબર નથી કે એના ઉપવાસ આંદોલનની ફળશ્રુતિ કેવી હશે. એને પારણાં કરાવવા માટે ખોડલ ધામના સર્વમાન્ય પાટીદાર નેતા રાજકોટથી દોડી આવ્યા તે પછી તાબડતોબ જાતે જ હોસ્પિટલમાં દાખલ થવાની તૈયારી દર્શાવનાર હાર્દિક પટેલે સરકારી હોસ્પિટલને બદલે વળી પાછી પ્રાઈવેટ હોસ્પિટલ તરફ નજર માંડી તે જ સૂચવે છે કે બધું જ અવઢવભર્યું છે. સરકાર હાર્દિકને હીરો થઈ જવા દેવા માગતી નથી તેમ એની સામે ઝૂકવા પણ તૈયાર નથી. દિલ્હીથી દોરી સંચાર થતો હોવાના આક્ષેપો પણ થતા રહે છે. હાર્દિક પટેલે જળત્યાગ કર્યો છે પરંતુ ગ્લુકોઝ સેલાઈનની જે ડ્રિપ ઊતરે છે તેમાં પૂરતું પાણી છે એટલે હવે એની જિંદગી સામેનો ખતરો ટળી ગયો છે અને એની માગણીઓ પૈકી કેટલી અને કેવી રીતે સ્વીકારવી તે માટે વિચારવિમર્શ કરવાનો તથા દિલ્હીની પરવાનગી મેળવવાનો સરકારને પણ સમય મળી ગયો છે. હાર્દિક પટેલને પણ જીવનનું મહત્ત્વ સમજાઈ ગયું છે. એ કોઈ મહાત્મા ગાંધી નથી, તે પણ બધાને સમજાઈ ગયું છે.

# મૃતદેહના વાળ કાપવાથી ભાર ઓછો ન થાય...?



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

જેમ મૃતદેહના વાળ કાપી નાંખવાથી મૃતદેહનું વજન ઓછું ન થાય તેમ ડેન્ગ્યુની કઈ કઈ પદ્ધતિથી ટેસ્ટ થાય છે તે જાણવાથી ડેન્ગ્યુનો ફેલાવો ઓછો થાય ? તો હા... એમાં તો ફરક પડે... સારી પદ્ધતિથી જો ટેસ્ટ કરવામાં આવ્યો હોય તો સાચું નિદાન થાય, એવું માનવું પડે. પણ ધારો કે, તમારા રોગના ચિન્હો ડેન્ગ્યુ જેવા હોય અને ડેન્ગ્યુ પોઝીટીવ આવે કે ન આવે ડૉક્ટર તમને ડેન્ગ્યુ છે એની જગ્યા પર ડેન્ગ્યુ જેવા કોઈ વાઈરસનું ઈન્ફેકશન છે એટલે કે ચેપ લાગેલો છે એમ કહે છે. એનાથી તમારી દવા કરવાની પદ્ધતિમાં ફરક પડે ? ના... દવા તો વાઈરસની જ થવાની. પણ ભાઈ આવું જુદું જુદું કેમ બોલો છો ? આમ તો, તમે જ કહો છો કે વાઈરસમાં કોઈ દવા નથી હોતી. એટલે કે વાઈરસના ચેપમાં કોઈ દવા કામ કરતી નથી. કોઈ પણ ડૉક્ટરને પૂછો એ તરત જ કહેશે કે વાઈરસની કોઈ દવા નથી. ઉદાહરણ તરીકે તમને કમળો થયો છે તો કમળાની કઈ દવા. તો તેના જવાબમાં આરામ. કમળો પોતાની રીતે આવે છે અને પોતાની રીતે જાય છે. ડૉક્ટર કમળામાં તમને આરામ કરવાનું કહે છે. ખોરાકમાં ધ્યાન રાખવાનું કહે છે. શરીરમાં પાણી ઓછું ન થઈ જાય તેનું ધ્યાન રાખવાનું કહે છે અને વિટામિન – સી લેવાનું કહે અથવા વિટામિન-સી જેમાં વધારે આવતા હોય તેવા ખોરાક અથવા તો પ્રવાહી લેવાનું કહે છે. અને વધારેમાં વધારે જો દવા આપે તો લીવરના ટોનિકની દવા આપે છે. નવા સંશોધન પ્રમાણે વાઈરસની દવા મળે છે પણ એનો ઉપયોગ ઓછો થાય છે. કહેવાની વાત એ છે કે, ડેન્ગ્યુનું નિદાન લેબોરેટરીમાં થાય કે ડૉક્ટર કરે તેની સારવાર ચોક્કસ પ્રકારની હોય છે. માટે જ આપણને એ શંકા જાય અથવા તો વિચારવાનું મન થાય કે ડેન્ગ્યુના ટેસ્ટનું મહત્ત્વ કેટલું ? પણ એવું નથી દરેકનું મહત્ત્વ હોય છે. તમને શું થયું છે અથવા તમારું સચોટ નિદાન શું છે એ આપણે જાણવું જ જોઈએ. અને એ માટે સાચી અનો ૧૦૦ ટકા પદ્ધતિએ જો ટેસ્ટ થયેલો હોય તો ડૉક્ટર અને દર્દી બંનેને દવા કરવામાં સરળતા રહે અથવા તો બીજા કોઈ રોગ માટે વિચારવાનું ન રહે. એટલા માટે સાચો ટેસ્ટ હોવો જરૂરી છે. સરકાર ડેન્ગ્યુ માટે એલાઈઝા અથવા પી.સી.આર.થી થયેલા લોહીના રિપોર્ટને સાચો ગણે છે. તો એનો દર્દીએ અને ડૉક્ટરે આગ્રહ કેમ ન રાખવો જોઈએ ? બીજી કોઈ પદ્ધતિ એટલે કે કાર્ડ ટેસ્ટથી એટલે કે ક્રોમેટોગ્રાફિક પદ્ધતિથી થયેલ ટેસ્ટના રિપોર્ટ ૧૦૦ ટકા સાચો નથી હોતો એવું સરકારનું માનવું છે અને એ સાચું છે એવું માનવું જ રહ્યું. સરકાર માયબાપ છે અને જે કહે તે સાચું. પણ આ તો વાત થઈ લેબોરેટરીના રિપોર્ટના પદ્ધતિની. પણ આપણે તો એ જાણવાની જરૂર છે કે આપણને આપણા કુટુંબને, આપણા સમાજને ડેન્ગ્યુ ન થાય એ માટે આપણે શું કરી શકીએ ? તો તરત જ તમે જવાબ આપશો કે ભાઈ એમાં અમને રસ નથી. શહેરના દરેક ખૂણે સરકારે મોટા મોટા હોર્ડિંગ્સ મારી કહ્યું છે કે અમને ખબર જ છે કે શું કરવાનું, શું નહીં કરવાનું. તેમાં કહ્યું છે કે તમારું ઘર ચોખ્ખું રાખો, તમારા ઘરમાં પાણી ન ભરાવા દો, તમારા ઘરની આજુબાજુ જ્યાં પાણી જમા થતું હોય ત્યાં દવાનો છંટકાવ કરો, મચ્છર – માખીનો ઉપદ્રવ ન થાય તેનું ધ્યાન રાખો. આનાથી વધારે માહિતી હૉર્ડિંગ્સમાં મળી જતી હોય છે. જેવી કે, તમારા ઘરની પાણીની ટાંકી, તમારા ઘરનું ફ્રિજ ચોખ્ખું રાખો. તમારા ઘરમાં જુના કાઢી નાંખેલા રબ્બરના ટાયર વગેરેનો નાશ કરો કે જેમાં વધારે પ્રમાણમાં પાણી ભરાયેલું ન રહે. તમારા ઘરમાં રહેલા ફુલ-છોડના કૂંડા ચોખ્ખા રાખો. એટલે કે કોઈપણ જગ્યા પર મચ્છર ન પેદા થાય તેની તકેદારી રાખો. મચ્છરનું બ્રિડીંગ ઓછું થાય એનું ધ્યાન રાખો. પણ આપણે ક્યા ધ્યાન રાખીએ છીએ ? ખરેખર તો આપણે આ બધી વસ્તુઓમાં ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. ખાસ કરીને ભેજવાળું વાતાવરણ હોય ત્યારે એટલે કે ચોમાસામાં, આટલું જ કરવાનું છે છતાં આપણે એ બાબતોનું ધ્યાન રાખી શકતા નથી. આટલું કરીએ તો આપણે આપણી જાતને, આપણા સમાજને ડેન્ગ્યુ મુક્ત કરી શકીએ અને રાખી શકીએ. સમજુ માણસને તો ઈશારો જ કાફી છે.

# પ્રિયાને પત્ર...



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

પ્રિયાને પત્ર....

પ્રિયે...!

આજથી આઠ હજાર વર્ષ પહેલાંનાં ગોકુળના એક વૃક્ષની નમેલી ડાળ નીચે ઊગેલા કૂણા અને તાજા છોડ ઉપરના ભૂલની આસપાસ ઊડતા પતંગિયાની પાંખોનો રંગ જેવી, ગુલાબના બગીચાઓ જેવા તારા દેહ ઉપર આંખુ અમાપ આભ વિંટાળીને પહેરેલા ડ્રેસની તારી ચૂંદડી જયારે જયારે હવામાં ફરફરે છે ત્યારે દ્વારિકાના દરિયા ઉપર ઊભેલી દીવાદાંડીમાં રાત્રે લાઈટ થાય તેમ મારી અંદરની દ્વારિકાના દરિયા કિનારે હજારો દીવાદાંડીમાં લાખો પ્રકાશના શેરડાઓ આમ તેમ - આમતેમ દોડવા લાગે છે અને પછી હું દરિયાની જેમ આખોઆખો હિલોળે ચડું છું.

પ્રિયે... મને તારું પહેલું દર્શન આજે પણ યાદ છે. જેવી



રીતે ઓરિસા અને તામિલનાડુના દરિયા કિનારે સુનામીની લહેરો આવીનો સર્વનો વિનાશ વેરી ગયેલી એવી જ રીતે એક દિવસ અસંખ્ય દેહાત્માઓથી ભરેલી ભરચલ બસમાં તું સુનામીને જેમ ચડી અને આખી બસના દેહાત્માઓ તારા તેજીલા તોખાર અને તમતમતા દેહસૌંદર્યમાં તણાઈ ગયા.

પ્રિયે, તેં મને જયારે હાથ હલાવીને સસ્મિત ‘આવજો’ કહેલું ત્યારે શ્રાવણ મહિનાની ખીલેળી સંધ્યા જેવી તારી ગુલાબી-ગુલાબી હથેળીઓમાંથી નીકળેલા અસંખ્ય અલ્ટ્રાવાયોલેટ કિરણો મારા અસ્તિત્વમાં ઉતરી ગયેલાં. તેં પહેરેલો ઝગમગતો કાળા રંગનો ઘેરદાર, જોરદાર અને બુટ્ટાદાર ડ્રેસ મને હજીયે યાદ છે, જાણે કે તારા મીનરલ વૉટર જેવો દેહ ઉપર અમાસની રાતનું આખુંય આકાશ વીંટળાઈ ગયું હોય અને ઉપર ચમકતા હોય સોનેરી તારલાઓ.

પ્રિયે, શું તું જાણે છે કે ચંદનવૃક્ષની ડાળ જેવા તારા પગના સ્પર્શથી ધરતીનો ભાર હળવો થઈ જાય છે. સાવ વજન વિહોણી થઈને અંતરિક્ષમાં ઘૂમતી ધરતી ભરતનાટ્યમ કરતી કોઈ નર્તકી જેવી લાગે છે. તમે જોયા પછી વેદો, ઋચાઓ, પુરાણો, ઉપનિષદો, ધર્મગ્રંથોમાં ઉલ્લેખિત તમામ દૈવી અપ્સરાઓ, પૃથ્વી ઉપરના તમામ ચિત્રપટો અને રંગમંચોની અપ્સરાઓ, જગતની તમામ શ્રેષ્ઠ પત્નીઓ, મીસ, મિસિસ યુનિવર્સો, યુનિવર્સિટીઓની અલગારી અબળાઓ અને કૉલેજની કુહૂ કુહૂ કરતી કોયલો... આ બધું જ મને ફિક્કુ લાગે છે. આ કોઈનાથી નહીં ફસાયેલા - ઘવાયેલા મને તારા સુનામી સૌંદર્યમાં ફસાયા - ઘવાયાનું ગૌરવ છે.

પ્રિયે... હું ત્યારથી તારા એ સુનામી સૌંદર્યનો ચાહક, વાહક અને સંવાહક બની ગયો છું, ત્યારથી આજ સુધી મને એ નથી ખબર કે સૂર્ય કયારે ઊગે છે અને કયારે આથમે છે!

હે પ્રિયે... તું જયારે જયારે મારી સામે હસે છે ત્યારે ત્યારે મારી અંદર બરફનાં લાખો રસગુલ્લાંઓ ઓગળવા લાગે છે. વૈશાખી વાદળ જેવા શુદ્ધ શ્વેત તારા દાંત જોઈને સફેદ રંગ પણ બિચારો શરમાઈ જાય છે તો દાડમની કળીઓનું તો પૂછવું જ શું ? મારી તરફ તારા હસતા હોઠ જોઈને મને લાગે છે કે મારી આસપાસ હજારો લાખો હાફુસ કેરીની પાકી અને તાજી ચીરના ટુકડાઓના ઢગ ખડકાયા છે અને ઉપર ગુલાબની પાંદડીઓનો રસ ઢોળવામાં આવ્યો છે. હે પ્રિયે.... જયારે જયારે મારી સાથે વાત કરે છે ત્યારે ત્યારે મારી અંદરના આત્માનાં મંદિરની અંદરના આત્મામાં વેદોની ઋચાઓનું ગાન થાય છે. શિવતાંડવનો ગુંજારવ થાય છે અને સપ્તસૂરોની સૂરાવલિઓ ઝંકૃત થઈ ઊઠે છે. હે પ્રિયે... તું મને જયારે જયારે સ્પર્શ કરે છે ત્યારે ત્યારે.... ઓહ.... આહ... આ.. હ... આખેઆખો સૂર્ય સાવ ઠંડો થઈ જાય છે, હવા થીજી જાય છે, આકાશ ઓગળી જાય છે, પ્રકૃતિ પુનર્જીવિત થઈ જાય છે, બ્રહ્માંડનો લય બદલાઈ જાય છે, આખી નિહારિકા અને મંદાકિનીઓમાં પરિવર્તનો શરુ થઈ જાય છે, એના અગ્નિગર્ભની જવાળાઓ શાંત થઈને સપ્તક સૂરમાં વહેતી થઈને એક નવા બ્રહ્માંડની રચના કરે છે.

હે પ્રિયે ! મને ખૂબ જ ભાવતી બાસુંદી, રબડી, અને દૂધપાકના મીઠા સ્વાદ જેવી તારી મીઠી નજર હું હજીયે નથી ભૂલ્યો. મારી બંસરીના બધા જ સૂર તને ઝંખે છે. તું આખી પ્રકૃતિને બદલી શકે છે તો મને કેમ નહીં ?

હે પ્રિયે... ! ચાલ, આપણે આ દેહત્વ, માનવત્વ અને સર્વત્વ ત્યજીને હવા અને વાયુ વિનાના, સ્થળ, જળ, જીવ વિનાના કોઈ ચોક્કસ ગર્ભના ઊંડાણમાં જઈનો એકરૂપ થઈનો આપણું અસ્તિત્વ ઓગાળી નાખીએ.

પ્રિયે... તારા પ્રત્યુત્તરની અપેક્ષા હું સદીઓ સુધી કરીશ...

# આમરણાંત ઉપવાસ : વિરોધનું સચોટ શસ્ત્ર!



**રજ્જળપાટ**

અજય ઉપાધ્યાય

વર્ષ ૧૯૨૯મા જતીનદાસે લાહોર જેલમાં ભૂખ હડતાલ કરેલી. જતીનદાસની માંગ હતી કે ભારતીય રાજનીતિક કેદીઓ સાથે પણ યુરોપિયન કેદીઓ જેવો વ્યવહાર કરવામાં આવે. બ્રિટીશ પોલીસે જતીનદાસની ભૂખ હડતાલ તોડવાની ખુબ કોશિશો કરી, ઈનફેક્ટ પરાણે મોઢામાં ખોરાક પણ નાખી જોયો પણ જતીનદાસ ટસ ના મસ થયા નહિ અને અંતે બ્રિટીશ સરકાર ઝુકી...! આ છે આમરણાંત ઉપવાસની તાકાત...! આમ જોવા જાવ તો અનશન યાની કી ઉપવાસ પછી ચાહે એ એક દિવસના હોય કે આમરણાંત, ધરણા અથવા તો વિરોધ પ્રદર્શન અને પદયાત્રા એ ભારતીય રાજકારણના અભિન્ન અંગ બની ગયા છે, ઈનફેક્ટ એમ કહી શકાય કે આયે દિન આ ત્રણમાંથી એકાદનો ઉપયોગ તો રાજકીય પાર્ટીઓ કરતી જ રહેતી હોય છે. સત્તાસ્થાને બેઠેલા લોકો જ્યારે તમારી માંગણી કે વાતને નજરઅંદાજ કરે ત્યારે અનશન એકદમ સચોટ અને લોકપ્રિય શસ્ત્ર છે અને મોટાભાગની રાજકીય પાર્ટીઓ આનો છૂટથી ઉપયોગ કરતી થઈ ગઈ છે..!

જો કે ખાલી રાજકીય પાર્ટીઓ જ શુકામ ? અનશનનું શસ્ત્ર તો હર આમ આદમી ઉઠાવતો થઈ ગયો છે. અને આમ પણ માંગણી મનાવવાનું કે એટલીસ્ટ એ માટે સામેની પાર્ટી કે વ્યક્તિને ચર્ચાવિચારણા કરવા માટે મજબુર કરી મૂકતું આ શસ્ત્ર હર કોઈ ઉઠાવી શકે છે અને અપને ઈન્ડીયામાં તો અનેકો વિવિધ માંગણીઓ માટે અનશન કે ઉપવાસ આંદોલનો ચાલતા હોય એની હવે કોઈ નવાઈ છે જ નહિ. અનશન કે ઉપવાસનો એટલો છૂટથી ઉપયોગ થાય છે કે વિરોધ પક્ષ સત્તાધારી પક્ષની વિરોધમાં અનશન કે ઉપવાસ કરે તો એ ઉપવાસના વિરોધમાં સત્તાધારી પક્ષ પણ ઉપવાસ પર બેસી જાય એવા બનાવો તાજેતરમાં નોંધાયા છે..! છે ને જબરું...! પણ આમરણાંત કે પછી લીમીટેડ ઉપવાસ કે અનશનનું શસ્ત્ર વિરોધનું અસરકારક હથિયાર તો છે જ એમાં ના નહિ અને લોકતંત્રમાં આ હથિયારનો ઉપયોગ કરવાની છૂટ દરેકને છે એમાં પણ એગ્રી...! હાએ વાત અલગ છે કે એના પરિણામ પરિસ્થિતિ મુજબ આવતા હોય છે, પણ સરકાર – સત્તા કે કોઈ વ્યક્તિ પર દબાવ બનાવવાનું આ અમોઘ શસ્ત્ર છે જ..!

ઉપવાસનું આપણા દેશમાં ધાર્મિક મહત્વ છે... તહેવારોમાં અને વ્રતોમાં ઉપવાસો આવતા રહે છે અને પુણ્યનું ભાથું બંધાવતા રહે છે. પત્નીઓ પોતાના પતિ માટે ઉપવાસ રાખે છે તો ઘણા માટે ઉપવાસ એટલે ઈશ્વર સાથે જોડાવાનું નિમિત..! પણ રાજનીતિમાં ઉપવાસનું અલગ મહત્વ છે. અહી ઉપવાસ ક્યારેક સત્તા માટે કરાય છે તો ક્યારેક સત્તા પાસે પોતાની માંગણીઓ મનાવવા માટે...! ખેડૂતોના દેવામાફી અને પાટીદાર અનામતની માંગણીઓ લઈને આમરણાંત ઉપવાસ પર બેઠેલા હાર્દીકનો આ લખાય છે ત્યારે ૧૪ મો દિવસ છે, હજુ સુધી તો કોઈ નિવેડો આવ્યો નથી પણ અણસાર છે કે હાર્દિકના આ અડગ અનશનના પ્રતાપે બહુ જલ્દી કોઈ ફેંસલો આવી જશે એ ચોક્કસ છે. કોઈ પણ સરકારને લોકલાગણીઓ પોતાના વિરુદ્ધ જાય એમાં બિલકુલ રસ હોય નહિ અને સ્વાભાવિકપણે અનશન વખતે સરકાર સાઈડમાં અને ઉપવાસી લાઈમલાઈટમાં આવી જતા હોય છે એટલે શાણપણ એમાં જ હોય કે અનશનનો ખેલ યેનકેનપ્રકારે બંધ થાય અને મુદ્દાની વાત પર કોઈ સહમતી બને...! અનશન વખતે કોઈ પણ સત્તાધારી પક્ષ આ જ મોડમાં વિચારતો હોવાનો એ નક્કી છે.

અનશન અને એ પણ આમરણાંત એ એકદમ સટીક વાત છે માંગણીઓનો સ્વીકાર કરાવવાની, આ તીર એવું છે કે અચૂક નિશાના પર લાગે જ, જો કે ઘણી વાર અનશન છોડતી વખતે મળેલી બાંહેધરીઓના અમલ માટે ફરીથી અનશન પર પણ બેસવું પડે...! આ તો ઈન્ડિયા છે અને જો માંગણી રાજનીતિક હોય તો ઈન્તેઝાર પણ કરવો પડે...પણ આ અનશન શસ્ત્ર છે ચોટડુક એની ના નહિ...! જો કે ઘણા અનશનો પરાણે પારણા કરીને પણ વિરામ પામતા હોય એવા બનાવો પણ નોંધાયેલા છે જ...! જો કે આનો સૌથી સચોટ ઉપયોગ મહાત્મા ગાંધીજીએ કરેલો એમાં કોઈ બેમત નથી. ગાંધીજીએ ઉપવાસ - અનશનનો સચોટ રાજકીય હથિયાર તરીકે અને એનાથી લોકોની લાગણીને વાચા આપવાના કામ તરીકે કરેલો. આઝાદીની લડાઈ અનેકો મોરચે લડાઈ હતી એમાંનો એક મોરચો હતો અનશન...! ગાંધીજીએ અહિંસા અને સત્યાગ્રહની સાથે સાથે અનેકવાર ભૂખહડતાલ પણ કરેલી. ગાંધીજીએ પોતાના પુરા જીવન દરમ્યાન ૧૫ વખત ઉપવાસ આંદોલનો કર્યા એમાંથી ત્રણ વાર તો એ અનશનો ૨૧ દિવસ સુધી ચાલેલા. ગાંધીજીએ અંગ્રેજોથી દેશને આઝાદ કરાવવા તો ક્યારેક ભારતના ભાગલા વખતે થયેલા તોફાનોને અટકાવવા કલકત્તાથી લઈને દિલ્હી સુધી અનેકોવાર ઉપવાસો અને અનશનો કર્યા અને ગાંધીજીના ઉપવાસોની એવી અસર થયેલી કે એ વખતે તોફાનોમાં તોફાનીઓ પોતાના હથીયારો બાપુ પાસે મુકીને માફી માંગી જતા..!

બાપુ પછી પણ દેશમાં અનેકો નેતાઓએ ઉપવાસ કે અનશનનો માર્ગ લીધો. વાત વિસ્થાપિતોની હોય કે પર્યાવરણની કે નાગરિક અધિકારોની, આ દેશમાં બાપુ ગયા પછી પણ બાપુ ચિંધ્યા માર્ગે અનશનો કરીને સત્તાપક્ષ કે જે તે લાગુ પડતી સંસ્થા/વ્યક્તિને ઢંઢોળવાનો પ્રયત્ન થતો રહ્યો છે..! એમાં ખાસ કરીને ગાંધીજીથી આગળ વધીએ તો યાદ કરવું પડે રામલીલા મેદાન પર અન્ના હજારેનું જનલોક્પાલ બીલ માટેનું અનશન શસ્ત્ર...! જો કે એ અલગ વાત છે કે અનશન અન્નાએ કર્યા અને એનો લાભ અરવિંદ કેજરીવાલ એન્ડ કંપનીએ રાજનૈતિક કેરિયર બનાવવામાં કર્યો...! હા આવું પણ બને છે, અનશનનો આમ તો મુખ્ય હેતુ માંગ મનાવવાનો જ હોય છે પણ એની સાથે સાથે જો અનશન રાજકીય હોય તો એનો રાજકીય લાભ કેટલો અને કેમ લઈ શકાય એના પર અનશનકર્તાની બીજી આંખ હોવાની જ..! ખેર એ જ રામલીલા મેદાન પર કાળાનાણા વિરુદ્ધ અનશન પર બેઠેલા બાબા રામદેવ ને લઠમાર પોલીસથી ભાગવું પડેલું...! દલિત આંદોલનોમાં થયેલી હિંસાની વિરુદ્ધ કોંગ્રેસે એક દિવસના ઉપવાસ કરેલા (જો કે છોલે-ભટુરા વાળા ફોટાઓએ એમાં ફાચર મારેલી એ અલગ વાત છે!). એમ તો અત્યારે વડાપ્રધાન રહેલા નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના સી.એમ. હતા ત્યારે ૨૦૧૨મા દરેક જિલામાં ઉપવાસ પર બેસીને સહિષ્ણુતા ફેલાવવાનો દાવો કરેલો...મોદીસાહેબને ઉપવાસ ૨૦૧૨મા ફરી સત્તાસ્થાને બેસવારૂપે ફળેલા..! તો દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ કોંગ્રેસી શાશન અને શીલા દીક્ષિત વિરુદ્ધ અનશન પર બેઠેલા બદલામાં અરવિંદજી વિધાનસભામાં કોંગ્રેસના સુપડા સાફ કરીને મુખ્યમંત્રીની ગાદી સુધી પહોચી ગયા...! તો ૨૦૦૬મા ટાટા નેનોના સિંગુર પ્લાન્ટના વિરોધમાં ૨૫ દિવસ ભૂખ હડતાલ પર રહેલી મમતાને એ પછીની ચૂંટણીમાં સરકાર રચવા જેટલી બહુમતી મળી ગયેલી...! લીસ્ટ લાંબુ બની શકે એમ છે.....!

કટશોર્ટ, આમજનતા પોતાની તકલીફો સત્તાના બહેરા કાન સુધી પહોચાડવા માટે ઉપવાસો અને અનશનો રાખતી થઇ ગઈ છે પણ રાજકીય ઉપવાસો અને અભી બોલા અભી ફક જેવા અનશનો ને લીધે ક્યારેક સચોટ હથિયાર ગણાતું અનશન આજે મજાક બનીને રહી ગયું છે એ પણ હકીકત છે. કુલડીમાં કયો ગોળ ભંગાવાનો છે એની ગંધ જનતાને આવી જતી હોય છે. જો કે સારી બાજુ એ પણ છે કે ભલે કોઈને રાજનીતિક કે સામાજિક લાભ થતો હોય તો પણ જો અનશનોનો હકારાત્મક હલ આવતો હોય તો ગાંધીબાપુના આત્માને ચોક્કસ આનંદ થવાનો...બાકી તો અનશન સફળ થાય તો સમાજને ફાયદો થાય કે નાં થાય પણ રાજનીતિક પકડ અને ઉપવાસમાં ઘટેલા વજનના બદલામાં પર્સનલ વજન તો વધવાનું જ......! નથીંગ રોંગ..!